## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ભાઈ, આ દંડની રકમ ઈન્કમટેક્ષમાંથી બાદ મળશે....???

# એસપી કચેરીએ ટ્રાફિક ડ્રાઈવમાં ૪૪ પોલીસ જવાનો





સમગ્ર ગુજરાતમાં તા.૧૬ સપ્ટેમ્બરના રોજથી નવા મોટર વ્હીલક એકટનું અમલીકરણ કરવામાં આવશે. ત્યારે શુક્રવારના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલી બેઠકમાં એસપી મયુર ચાવડાએ તમામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને તાકિદ કરી હતી કે ટ્રાફિકના નિયમોના પાલનનો પ્રારંભ પહેલા પોલીસે કરવો પડશે. રોલકોલમાં જ પોલીસ જવાનોને ટ્રાફિકના નિયમોની અમલવારી માટે કહેવા અને જે પાલન ન કરે તેને દંડ પણ કરવા માટે કડક સુચના આપી હતી. જેની અમલવારી તેઓએ એસપી કચેરી ખાતે જ કરાવી હતી. શનિવારના રોજ ગાંધીનગર એસપી કચેરીના બંન્ને ગેટ પર ટ્રાફિક પોલીસના જવાનોને તૈનાત કરી દેવાયા હતા. ત્રણ કલાક ચાલેલી ડ્રાઈવમાં હેલ્મેટ, સીટબેલ્ટ, અને ડાર્ક ફિલ્મ જેવા નિયમોનું પાલન ન કરતા ૪૪ જેટલા જવાનોને સ્થળ પર રૂ.૧૦૦ ની પાવતી પકડાવી દીધી હતી. જેને પગલે પોલીસ કર્મચારીઓ પાસેથી કુલ રૂ.૪૪૦૦ નો દંડ વસુલાયો હતો.

## ટ્રાફીક નિયમનના અમલ સામે રાજકોટ સહિત રાજ્યભરમાં દેખાવો

**રાજકોટમાં કોંગ્રેસે ખાડામાં સૂઇને વિરોધ કાર્યક્રમ કર્યા : રાજકોટમાં ૫૧ કરોડથી વધુના ખર્ચે બનેલા રસ્તા ધોવાઇ ગયા**

અમદાવાદ, તા.૧૪

રાજકોટ શહેરમાં પડેલા ભારે વરસાદ બાદ ઠેર-ઠેર ખાડાનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ત્યારે ત્રણ મહિના બાદ જાગેલી કોંગ્રેસે આજે શહેરના દરેક વોર્ડમાં કોંગ્રેસે હેલમેટ પહેરી યજ્ઞ કરી સત્તાધારી પક્ષ ભાજપને ભગવાન સદબુદ્ધિ આપે તેવી પ્રાર્થના કરી હતી. આ સાથે જ રોડ ચક્કાજામ કરી કોંગ્રેસનાં કાર્યકરોએ ભાજપ સરકાર વિરૂદ્ધ હાય હાયના નારા અને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતાં. જેથી પોલીસે ટીંગાટોળી કરીને કાર્યકરોની અટકાયત કરી હતી. કોંગ્રેસના આજના વિરોધ પ્રદર્શન અને દેખાવોને લઈ સ્થાનિક રાજકારણ ગરમાયું હતું. કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ ટ્રાફિકના નવા નિયમોને લઈને પણ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને તેને સામાન્ય જનતાની હાલાકી વધારવા સમાન ગણાવ્યા હતા. રાજકોટમાં રૂ.૫૧ કરોડથી વધુના ખર્ચે બનેલા રસ્તાઓ વરસાદના કારણે તુટી ગયા છે. શહેરની તમામ સોસાયટીના રસ્તાઓની પણ બિસ્માર હાલત જોવા મળી રહી છે. આ સાથે જ શહેરમાં રોચાળો અને સરકારની અણઆવડતના કારણે પ્રજાને થતી મુશ્કેલીને લઈને કોંગ્રેસમાં ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. શાસક પક્ષની નિષ્ફળતાને લઈ આખરે કોગ્રેસે આજે દરેક વોર્ડમાં યજ્ઞ કરી મનપાને ભગવાન સદબુદ્ધિ આપે તેવી પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ, કોંગી કોર્પોરેટ સહિતના કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. શહેર કોંગ્રેસ પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂત, વિરોધ પક્ષના પૂર્વ નેતા પ્રવિણભાઈ રાઠોડ, યુથ કોંગ્રેસ પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, એન.એસ યુ.આઈ પ્રમુખ રોહિતસિંહ ડોડીયા, વોર્ડ પ્રમુખ કેતન જરીયા, પૂર્વ આઈટીસેલ પ્રમુખ ભાર્ગવ પઢીયાર, ગોપાલ બોરાણા, કિશોરસિંહ જાડેજા, અભી તલાટીયા, રણજીત મુંધવા, ગુલામ મોહયુદીન નવાબ, દુરૈયાબેન, નાગજીભાઈ વિરાણી, રણજીત રાઠોડ સહિતના કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. તો બીજી તરફ ખાડાઓના મુદ્દે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ચક્કાજામના કાર્યક્રમો આપ્યા હતાં. ત્યારે ફરજ પરના પોલીસ અધિકારીએ મેટાડોરમાં સેલ્ફ ડ્રાઈવ કરીને ટોળામાંથી

## સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ કરવા પ્રબળ માંગ

**અગાઉ વરસાદમાં ઠેર ઠેર જોખમી સ્થિતિ ઉભી થઇ હતી : હાલમાં પણ માટી પોલાણના લીધે અનેકવાર અકસ્માત થાય છે**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં વર્ષોના અંતે સ્ટોર્મ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ પણ ચાલુ છે. સેકટરોમાં તોતિંગ



વોટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે જયારે હાલ પાઈપો નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે અત્યાર સુધી અનેકવાર આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ વર્ષોના અંતે અનેકવાર દરખાસ્ત તૈયાર કરાયા બાદ આખરે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા યોગ્ય કરવા માટે તંત્ર કામે લાગ્યુ છે.

શહેરમાં હાલની સ્થિતિએ અંદાજિત ૭ જેટલા સેકટરોમાં જ સ્ટોર્મ વોટર લાઈન કાર્યરત છે. જેમાં શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ સ્ટોર્મ વોટર લાઈનની વ્યવસ્થા છે. પરંતુ સેકટરોના રીંગ રોડ તેમજ અન્ય વિસ્તારમાં પણ ચોમાસા દરમિયાન જળબંબાકારની સ્થિતિને ડામવા માટે સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ આયોજન કરાતા આગામી દિવસોમાં શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ઉપલબ્ધ થશે. હાલ પણ સેકટરોમાં ઠેર ઠેર ખોદકામગીરી ચાલી રહી છે. પરંતુ વરસાદી દિવસો પુર્વે પણ અગાઉ તંત્ર દ્વારા ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ હતુ. પરંતુ યોગ્ય માટીપુરાણ ન થતા વરસાદી દિવસોમાં સેકટરોમાં ઠેર ઠેર જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ હતુ. હાલમાં પણ સે-૧૧ સહીતના વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનને અનુલક્ષી તોતિંગ પાઈપલાઈન નાંખવા માટે ખોદકામગીરી હાથ ધરવામાં આવી છે જેના અંતે યોગ્ય માટી પુરાણ થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## મહી નદીનું રોદ્ર સ્વરૂપ

**ઉમેટા, ખેરડા સહિતના વિસ્તારોમાં પાણી પાણી : આંકલાવમાં અઢી હજારથી વધારે લોકોનું સ્થળાંતર કરાયું ઉમરેઠ, આણંદ, આંકલાવ, બોરસદના ગામો ઉપર ખતરો**

અમદાવાદ, તા.૧૪

મધ્યપ્રદેશ, પંચમહાલ સહિતના વિસ્તારમાં બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદને પગલે મહીસાગર નદીના ૧૦ લાખ ક્યુસેકથી વધુ પાણીની આવક થતાં કડાણા ડેમમાંથી ૭ લાખ ક્યુસેક પાણી છોડાતા વણાંક બોરી ડેમમાં પાણીની આવક વધી જવા પામી હતી. વણાકબોરી ડેમની ૨૪૨ મીટર ભયજનક સપાટી છે, તેની સામે ૨૩૨ એ પહોંચતાં વ્હાઈટ સીગ્નલ જાહેર કરાયું છે. વણાંકબોરીમાંથી મહીસાગરમાં લાખો ક્યુસેક પાણી છોડાતાં ૧૪ વર્ષ બાદ મહીસાગરનું નદીનું લેવલ વાસદ પાસે પણ વધી ગયું છે અને નદીએ વર્ષો બાદ જાણે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. પૂરના પાણીને લઈ આંકલાવ તાલુકાના ગંભીરા ગામે ભાઠ્ઠા વિસ્તારમાં મહીસાગર નદીના પાણી ઘુસતા આશરે અઢી હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે. તો ઉમેટા, ખેરડા સહિતના અનેક વિસ્તારોમાં પાણી ફરી વળતાં લોકો ચિંતામાં મૂકાયા છે. મહીસાગર નદીમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જેથી અનેક વિસ્તારોમાં પુરનું સંકટ ટોળાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, આજથી ૧૪ વર્ષ અગાઉ ૨૦૦૫માં સાડા બાર લાખ ક્યુસેક પાણી છોડાતાં નદીકાંઠાના ગામોને અસર થઈ હતી. આ વખતે ૭ લાખ ક્યુસેક પાણી સતત છોડાઈ રહ્યું છે. જેના કારણે ઉમરેઠ તાલુકાના બે, આણંદના ચાર, આંકલાવ અને બોરસદના ૨૦ ગામો ઉપર હજુ પણ ખતરો મંડાઈ રહ્યો છે.

## રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ અને રાષ્ટ્રીય રમત દિવસ સપ્તાહ ઉજવણી કાર્યક્રમ શરુ કરાયો





રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરા દ્વારા ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ અને રાષ્ટ્રીય રમત દિવસ સપ્તાહ ઉજવણી કાર્યક્રમ શરુ કરવામાં આવ્યું. જેના અંતર્ગત દત્તક લીધેલ ગામો જેવા કે સાદરા, કલ્યાણપુરા, મોતીપુરા, માધવગઢ અને રાજપુરમાં આવતા અઠવાડિયામાં પ્રાથમિક શાળાઓમાં બાળકો સાથે વિવિધ રમત ગમતની પ્રવૃત્તિઓ કરવામાં આવશે અને ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ માટેની પ્રતિજ્ઞા પણ બાળકોને લેવડાવવામાં આવશે. આજે સ્વયં સેવકો દ્વારા શપથ લેવામાં આવી હતી જેનો નેતૃત્વ દેવાશીષ મોહંતીએ કર્યું હતું. સ્વયમ સેવકો દ્વારા સાદરા પ્રાથમિક શાળા તથા જ્ઞાન ધારા તીર્થ સ્કૂલના બાળક અને બાલિકાઓને મનોરંજન રમતો જેવી કે લીંબુ ચમચી, કોથળા દોડ, ત્રીપગી દોડ, બૂક બેલેન્સ દોડ, દોરડા કૂદ દોડ અને સ્પ્રિન્ટ દોડ કરાવવામાં આવ્યું હતુ અને વિજેતાઓને ઈનામ પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો હેતુ બાળકોમાં રમતો રમવાની ટેવ આવે અને તે રમતા થાય અને સ્વસ્થ રહે તે હતો. કાર્યક્રમનો નારો પણ નિયમિત રમો અને સ્વસ્થ રહો તે હતો. આ પ્રવૃત્તિ ખુબ જ સારી અને સ્વસ્થ સમાજના નિર્માણની પાયાની બાબત છે આ વાત જ્ઞાન ધારા તીર્થ સ્કુલ સાદરાની પ્રાચાર્યા સુધાબેન પટેલે કરી હતી અને વિજેતાઓને પોતાના હસ્તે ઈનામો પણ આપ્યા હતા. બંને સ્કુલના કુલ ૭૨ ભાઈઓ અને ૭૨ બહેનોએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન મનહર ડાભી અને કરણ રાઠોડે કર્યું હતું. સંપૂર્ણ અઠવાડિક કાર્યકમનું આયોજન પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું છે

# મીની અંબાજી ગીયોડના મંદિરે અઢી લાખ ભાવિકોએ દર્શન કર્યા





ચિલોડા, તા. ૧૪

શ્રી શક્તિ મંદિર અંબાજી ટ્રસ્ટ, ધણપ, ગિયોડ પાટીયા, તા. જિ. ગાંધીનગર ખાતે આવેલ અંબાજી માતાજી મંદિર કે જે મીની અંબાજી તરીકે પ્રચલીત છે. જ્યાં આજરોજ ભાદરવા સુદ-૧૫ એટલે માતાજીનો પ્રવિત્ર દિવસ. આ દિવસે માતાજીએ રાક્ષસોનો વધ કરી લોકોને બચાવેલ તેવા દિવસે ગત રાતથી એટલે કે તા. ૧૩-૯-૧૯ રાત્રે ૧૧ વાગ્યાથી આજે ૧૪-૯-૧૯ સુધી મધરાત સુધી આશરે ૨ થી ૨.૫૦ લાખ દર્શનાર્થીઓ કે જે અમદાવાદ જિલ્લો, અરવલ્લી જિલ્લો, સાબરકાંઠા જિલ્લો અને સમગ્ર ગાંધીનગર જિલ્લામાંથી દર્શનાર્થીઓ પગપાળા આવી માતાજીના દર્શનનો લહાવો લે છે. મંદિર ટ્રસ્ટ તરફથી સમગ્ર ટ્રસ્ટીગણ પ્રમુખ કે.કે. પટેલ, મંત્રી એચ.કે. પટેલ (વકીલ), ટ્રસ્ટી પૂંજાભાઈ પટેલ દ્વારા ખુબજ સુંદર આયોજન કરવામાં આવે છે અને આજુબાજુના ગામના સ્વયંસેવકો તથા છાલા શાળાના બાળકો તથા સ્ટાફ સતત ૨૪ કલાક સુધી અવિરત સેવા આપી દર્શનાર્થીઓને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તેવુ સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સમગ્ર પોલીસ સ્ટાફ, ટ્રાફીક પોલીસ તથા જીઈડીના અધિકારીઓએ ખેડપગે સેવા આપે છે. અને બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



દંડ અને વ્યાજમાંથી
મુક્તિનો અવસર



"વેરા સમાધાન યોજના-૨૦૧૯"

જો આપને વેચાણવેરો, વેટ, કેન્દ્રિય વેચાણવેરો, મોટર સ્પીરીટ ટેક્ષ, શેરડી ઉપરનો ખરીદવેરો અને એન્ટ્રી ટેક્ષ કાયદાઓ પૈકી કોઈ કાયદા હેઠળ કોઈ રકમ ભરવાની બાકી છે, તો તેના માટે

વ્યાજ અને દંડ માફીની તથા ભરેલ વેરાને આનુષંગિક માંડવાળની

સુવર્ણ તક

- અરજી કરવાનો સમયગાળો તા.૧૫.૦૯.૨૦૧૯ થી તા.૧૫.૧૧.૨૦૧૯ સુધી
- ફક્ત વેરાની રકમ ભરવાથી વ્યાજ અને દંડમાંથી માફી
- બાકી રકમ પૈકી ૧૦% ભરીને બાકીની રકમ ૧૧ માસિક હપ્તામાં ભરવાની સવલત
- બાકી લેણા પેટે અગાઉ આંશિક રકમનું ચુકવણું કર્યું હશે તો, આ યોજના પ્રમાણે ભરવાની થતી વેરાની રકમના ૫૦% ની મર્યાદામાં અગાઉ ભરેલી રકમ રેમીશન/મજરે આપવામાં આવશે
- વધુ વિગતો માટે નજીકની રાજ્ય વેરા કચેરી અથવા રાજ્ય વેરા ખાતાની વેબસાઈટ www.commercialtax.gujarat.gov.inની મુલાકાત લો

વેરા સલાહકારશ્રીઓ, વકીલશ્રીઓ અને ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રીઓ પોતાના અસીલોને આ યોજનાની વ્યાપક સમજ આપી બહોળો લાભ લેવડાવે તેવી અપીલ

વેપાર ઉદ્યોગને સરળતા અને મદદ દ્વારા રાજ્યનો વિકાસ
-શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી

Helpline No.:
079-26576856 / 26576858 / 26595000

ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

કરની ચૂકવણી, દેશનું નિર્માણ
મુખ્ય આયુક્ત, રાજ્ય વેરા ખાતુ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ

GST
1 NATION TAX MARKET